## FORM–A

| પારડીના મે.જ્યુડી. મેજી. ફ.ક.(કુ.ડી.ડી.પડિઆ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. પારડી,જી.વલસાડ. | |
|---|---|
| જજમેન્ટ તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | ૧૪૯/૨૦૨૦ |
| ગુના રજી. નં. | પારડી પો.સ્ટે.એ.પાર્ટ ગુ.ર.નં. ૧૪૩/૨૦૧૯ |
| ફરીયાદી | સરકાર શ્રી |
| ફરીયાદી પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી.શ્રી આર.સી.પટેલ |
| આરોપી | મુકેશભાઇ દેવજીભાઇ ભોયા,<br>હાલ રહે. ભીમપોર ચાર રસ્તા પાસે, ઉમેશભાઈની ચાલ, નાની દમણ, તાબે દમણ.<br>મુળ રહે. કોલવેરા ગામ, પટેલ ફળીયા, તા.કપરાડા, જી.વલસાડ. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એ.એમ. પાંડે |

## FORM–B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૦૯/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૩/૦૯/૨૦૧૯ |
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| પુરાવાની શરુઆતની તારીખ | ૧૮/૦૫/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | -------- |

## -: આરોપીઓની વિગત :-

| આરોપી નો અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | Cr.P.C. ક.૪૨૮ના હેતુ માટેટ્રાયલ દરમ્યાન અટકાયત નો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મુકેશભાઇ દેવજીભાઇ ભોયા | ૨૪/૦૯ /૨૦૧૯ | ૨૪/૦૯ /૨૦૧૯ | ઈ.પી.કો. ક. ૨૭૯,૩૩૭, ૩૩૮, એમ.વી. એકટ.ક. ૧૭૭, ૧૮૪ તથા ૧૩૪ મુજબ | નિર્દોષ | -- | -- |

## FORM-C

## -: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી :-

### (એ) ફરીયાદ પક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | સેજલબેન વિજયભાઈ બાહલીવાલા | ફરીયાદી |

### (બી) બચાવ પક્ષ

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW-1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

### (સી) અદાલત દવારા

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

## -: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી :-

### (એ) ફરીયાદ પક્ષ

| અનું.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | સેજલબેન વિજયભાઈ બાહલીવાલાની જુબાની |
| ૨. | ૧૦ | ફરીયાદની નકલ |
| ૩. | ૧૨ | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ |
| ૪. | ૧૩ | આરોપીના શરીર સ્થિતિના પંચનામાની નકલ |
| ૫. | ૧૪ | સુરેશભાઈના મેડીકલ સર્ટીફીકેટની નકલ |

(બી) બચાવ પક્ષ ધ્વારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(સી) અદાલત ધ્વારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી) સદર કામે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ ન હોય તે અંગે કોઈ હુકમ નથી.

**–:: ચુકાદો ::–**

(૧) આ કામે ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૯/૨૦૧૯ ના રોજ કલાક: ૧૪/૦૦ વાગ્યે સમયે મોજે. ખડકી ને.હા.નં.૪૮ રેમંડ કંપનીની સામે પારડી થી વાપી તરફ જતા રોડ ઉપર ત્રીજા ટ્રેક ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાની કબજાનો આઇસર ટેમ્પો નં.DD-03-K-9569 ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સાહેદ સુરેશભાઇ ડાહ્યાભાઇ ટંડેલની સ્કુટી નં.GJ-15-S-7450 અડફેટમાં લઇ એક્સીડન્ટ કરી કપાળના ભાગે ગંભીર ઇજા પહોચાડી નાસી જઇ પાછળથી પકડાઇ જઇ, ઈ.પી.કો.ક. ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ.ક.૧૭૭, ૧૮૪ તથા ૧૩૪ મુજબનો ગુનો પારડી પો.સ્ટે.એ.પાર્ટ ગુ.ર.નં. ૧૪૩/૨૦૧૯ થી નોંધવામાં આવેલ, જેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે. સદર ચાર્જશીટ ક્રિમીનલ કેસ નં. ૧૪૯/૨૦૨૦ થી નોંધવામાં આવેલ છે અને ત્યાર બાદ સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૨) ત્યાર બાદ હાલના કામના આરોપી ઉપર સમન્સ કરતાં તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓને ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ

પેપેર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ સદર કામે આરોપીની આંક– ૦૮ થી પ્લી લેતાં તેઓએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ હોવાથી આરોપી વિરૂધ્ધ કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(અ) <u>મૌખિક પુરાવા :–</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી સેજલબેન વિજયભાઇ બાહલીવાલાની જુબાની | ૦૯ |

(બ) <u>દસ્તાવેજી પુરાવા :–</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદની નકલ | ૧૦ |
| ૨. | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ | ૧૨ |
| ૩. | આરોપીના શરીર સ્થિતિના પંચનામાની નકલ | ૧૩ |
| ૪. | સુરેશભાઈના મેડીકલ સર્ટીફીકેટની નકલ | ૧૪ |

(૪) ફરીયાદ પક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખિત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા નથી તે અંગે આંક–૧૫ થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે. ત્યાર બાદ સદર કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ તમામ હકીકતો ખોટી છે તેમ જણાવી ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યાર બાદ સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી નાઓની તથા આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રીનાઓની દલીલો સાંભળેલ છે જે દલીલો પણ હાલના આ કેસનો નિર્ણય કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતોના આધારે ફરીયાદ પક્ષનો કેસ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું ફરીયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૯/૨૦૧૯ ના રોજ કલાક: ૧૪/૦૦ વાગ્યે સમયે મોજે. ખડકી ને.હા.નં.૪૮ રેમંડ કંપનીની સામે પારડી થી વાપી તરફ જતા રોડ ઉપર ત્રીજા ટ્રેક ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાની કબજાનો આઇસર ટેમ્પો નં.DD-03-K-9569 ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સાહેદ સુરેશભાઇ ડાહ્યાભાઇ ટંડેલની સ્કુટી નં.GJ-15-S-7450 અડફેટમાં લઇ એક્સીડન્ટ કરી કપાળના ભાગે ગંભીર ઇજા પહોચાડી નાસી જઇ પાછળથી પકડાઇ જઇ, ઈ.પી.કો.ક. ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ.ક.૧૭૭, ૧૮૪ તથા ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી ઠરાવવામાં આવેલા કારણોના આધારે નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

(૭) ફોજદારી ન્યાયશાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરુધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે કે સાહેદને ખોટું બોલવા માટે કોઈ કારણ છે, ત્યાં સુધી તેની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં કાયદાકીય જોગવાઈ અનુસાર પોતાનો કેસ વાજબી શંકાથી પર સાબિત કરવાનો

બોજો હંમેશા ફરીયાદ પક્ષ પર રહેલો છે. નિર્દોષતાની સાબિતીનો બોજો કયારેય આરોપી પક્ષ તરફ તબદીલ થતો નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં કેસનો ન્યાયીક નિર્ણય કરવા માટે ફરીયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કરવા માટે કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી. કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો, સાંયોગિક પરિબળો વિગેરે હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય. નામદાર સર્વોચ્ચ અદાલતે ***સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિ. લેખરાજ ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)*** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ન હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય.

(૭.૧)ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ તથા પુરાવાના નિયમોને ધ્યાને લઈ આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો તથા બચાવપક્ષનો બચાવ ધ્યાને લેતાં આરોપી સામે જયારે ઈ.પી.કો.ક.૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ.ક.૧૭૭,૧૮૪ તથા ૧૩૪ મુજબના ગુનાનું તહોમત છે ત્યારે ફરીયાદ પક્ષે પોતે પોતાની ફરીયાદમાં જણાવેલ હકીકત મુજબ બનાવ સમયે કહેવાતો ગુનો હાલના આરોપીએ કરેલ હતો? તેવી હકીકત સાબિત કરવી પડે.

(૭.૨) હવે, ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. ક.૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ.ક. ૧૭૭, ૧૮૪ તથા ૧૩૪ મુજબનું તહોમત મુકવામાં આવેલ છે સદર કલમ વંચાણે લેતાં નીચે મુજબ છે.

**ઈ.પી.કો.ક.૨૭૯ :- સરિયામ રસ્તા ઉપર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત:-**

અ. કોઈ વ્યકિત જાહેર માર્ગ ઉપર, બેદરકારી અથવા ગફલતભરી રીતે પોતાનું વાહન ચલાવે અથવા સવારી કરે.

બ. કે જેથી મનુષ્યની જીંદગી જોખમમાં મુકાતી હોય અથવા કોઈ વ્યકિતને ઈજા અથવા નુકશાન થવાની સંભાવના ઉત્પન્ન થાય.

**ઈ. પી. કો.ક.૩૩૭:- બીજાઓની જિંદગી અથવા શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યથી વ્યથા કરવા બાબત:-**

'' જે કોઈ વ્યકિત, મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની શારીરિક સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યથા કરે, તેને છ મહિના સુધીના બેમાંથી કોઈ પણ પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.''

**ઈ. પી. કો.ક.૩૩૮:- બીજાઓની જિંદગી અથવા શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યથી મહાવ્યથા કરવા બાબત:-**

'' જે કોઈ વ્યકિત, મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને મહા વ્યથા કરે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.''

**એમ.વી.એકટ ક.૧૭૭ :- ગુનાઓની શિક્ષા માટે સામાન્ય જોગવાઈ :-**

''આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ વિનિમય અથવા જાહેરનામાંની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર તે ગુના માટે એક સો રૂપિયા સુધીની દંડની શિક્ષાને પાત્ર થશે. ત્યાર પછીના ગુના માટે ત્રણસો રૂપિયા સુધીની શિક્ષાને પાત્ર થશે.''

**એમ.વી.એકટ ક.૧૮૪ :–બેફામ કે જોખમી રીતે વાહન ચલાવવા બાબત :–**

વાહન ચલાવવામાં આવતું હોય તે જગાના સ્વરૂપ સ્થિતિ અને ઉપયોગ તથા તે જગામાંના તે વખતના ખરેખરા ટ્રાફિકના પ્રમાણ અથવા ત્યાંના વાજબી રીતે અપેક્ષિત ટ્રાફિકના પ્રમાણપત્ર સહિત કોઈ કિસ્સાના તમામ સંજોગો ધ્યાને લેતાં લોકો માટે જોખમી હોય તેથી ઝડપે કે રીતે મોટરવાહન ચલાવનાર પહેલી વખતે તે ગુનો સાબિત થયેથી ૬ મહિના સુધીની કેદની અથવા રૂા. એક હજાર સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે અને એવો ગુનો અગાઉ કર્યાના ૩ વર્ષની અંદર કરેલો હોય ત્યાર પછીનો ગુનો સાબીત થયે ૨ વર્ષ સુધીની કેદની અથવા રૂા.બે હજાર સુધીના દંડની શિક્ષાને અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

**એમ.વી.એકટ.ક.૧૩૪:– અકસ્માત અને વ્યકિતને ઈજા થવાના કિસ્સામં ડ્રાઈવરની ફરજ :–**

જયારે કોઈ વ્યકિત ઈજાગ્રસત થાય છે અથવા તૃતીય પક્ષની કોઈ મીલકતને નુકસાન થાય છે ત્યારે અકસ્માતને પરિણામે જેમાં મોટર વાહન સામેલ છે ત્યારે વાહનનો ડ્રાઈવર અથવા વાહનનો હવાલો સંભાળનાર અન્ય વ્યકિત,

(એ) જયાં સુધી ટોળાનાં પ્રકોપના કારણે અથવા તેના નિયંત્રણના બહારના અન્ય કોઈ કારણસર આમ કરવું વ્યવહાર ન હોય, તો ઘાયલ વ્યકિત માટે તબીબી ઘ્યાન સુરક્ષિત કરવા માટે તમામ વાજબી પગલાં લઈ તેને નજીકના વ્યવસાયી અથવા હોસ્પીટલમાં પહોચાડીને અને તે દરેક રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનર અથવા હોસ્પીટલમાં ફરજ પરના ડોકટરની ફરજ છે કે તે ઘાયલ વ્યકિતની તાત્કાલીક હાજરી આપે અને કોઈ પણ પ્રક્રિયાગત ઔપચારીકતાની રાહ જોયા વિના તબીબી સહાય અથવા સારવાર પ્રદાન કરે, સિવાય કે ઘાયલ વ્યકિત અથવા તેના વાલી કિસ્સામાં તે સગીર છે અન્યથા ઈચ્છે છે.

(બી) પોલીસ અધિકારીની માંગણી પર તેને જરુરી માહિતી આપો અથવા જો કોઈ પોલીસ અધિકારી હાજર ન હોય તો જરુરીયાત મુજબ તબીબી સારવાર મેળવવા માટે વાજબી પગલાં ન લેવા માટે, જો કોઈ હોય તો સંજોગો સહીતની ઘટનાના સંજોગોની જાણ કરો, કલમ(એ) હેઠળ શકય તેટલી વહેલી તકે નજીકના પોલીસ સ્ટેશનમાં અને કોઈ પણ કિસ્સામાં ઘટનાના ચોવીસ કલાકની અંદર, અકસ્માતની ઘટના વિશે વીમાદાતાને લેખીતમાં નીચેની માહીતી આપો, જેમણે વીમાનું પ્રમાણપત્ર જાહેર કર્યુ છે, એટલે કે,

(IV) વીમા પોલીસી નંબર અને તેની માન્યતાનો સમયગાળો,

(II) અકસ્માતની તારીખ , સમય અને સ્થળ,

(III) અકસ્માતમાં ઘાયલ અથવા માર્યા ગયેલ વ્યકિતઓની વિગતો,

(IV) ડ્રાઈવરનું નામ અને તેના ડ્રાઈવીંગ લાયસન્સની વિગતો,

ડ્રાઈવરની અભિવ્યકિતમાં વાહનના માલીકનો સમાવેશ થાય છે.

(૮) આ કામે જોવાનું માત્ર એ થાય છે કે, શું ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાથી આરોપી વિરુધ્ધ ઈ. પી. કો.ક.૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ.ક.૧૭૭, ૧૮૪ તથા ૧૩૪ મુજબનું તહોમત પુરવાર થાય છે કે કેમ? હવે, આરોપી વિરુધ્ધનું સદર તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે આંક-૦૯ થી ફરીયાદી સેજલબેન વિજયભાઈ બાહલીવાલાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદીએ તેઓની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ કોલક બાહલી ફળીયા ખાતે તેઓના કુટુંબ પરિવાર સાથે રહે છે. તેમના પતિ શીપમાં જતા હોય બનાવના દિવસે વિદેશમાં હતા. બનાવ સમયે તેઓ ઘરે હાજર હતા. બનાવ સમયે તેઓ ઘરે હાજર હતા તે વખતે તેઓના પર કોઈનો ફોન આવેલો અને જણાવેલ કે બાપુજીનું ખડકી, રેમન્ડ કંપની પાસે અકસ્માત થયેલ છે. તેઓ સ્કુટી લઈને સામાન લેવા ગયા હતા. તેઓને ફોન કરનારે એવું જણાવેલ

કે અકસ્માત થયો છે તે ઈસમને એમ્બ્યુલન્સમાં લઈ ગયેલ છે. તેથી તેઓ હોસ્પીટલ ગયેલ અને ત્યાં જઈને જોયેલ તો બાપુજી સારવાર હેઠળ હતા. તેમને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ હતી અને બેભાન થઈ ગયેલ હતા. તેઓના સગાસબંધીઓ પણ ત્યાં આવી ગયેલા. તેઓને જાણવા મળેલ કે તેઓના બાપુજી સ્કુટી લઈને જતા હતા ત્યારે ટેમ્પોચાલકે તેમની સ્કુટીને ટકકર મારતા આ અકસ્માત થયેલો અને જેનાથી તેમને કપાળના ભાગે ફ્રેકચર થયેલ. તેઓએ બનાવ અંગે પારડી પોસ્ટેમાં ફરીયાદ આપેલી. તેઓએ ટેમ્પોચાલક જે ટેમ્પો ચલાવતો હતો તેનો નંબર લખાવેલ. ટેમ્પાનો નંબર હાલ યાદ નથી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોવાથી ફરીયાદને રજુ દા.આંક–૧૦ આપવામાં આવેલ છે. આરોપીને તેઓ ઓળખતા નથી. તેમના બાપુજી સને.૨૦૨૪ માં ગુજરી ગયેલ છે તેમના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ તેમના સાથે લાવેલ છે જેને રજુ દા.આંક–૧૧ આપવામાં આવે છે.

(૮.૧) સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા ન હોય વિ. એ.પી.પી. શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ–તપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવતાં નથી. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, બનાવ બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી. બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી. અકસ્માત કયા વ્યકિતએ કઈ રીતે કરેલ તે તેઓ જણાવી શકે નહી.

(૯) હાલના કામે ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી અને બનાવની જાણ તેઓને ફોનથી થયેલી. અકસ્માત કોની ભુલના કારણે થયેલ તે અંગે તેમજ અકસ્માત કરનાર વાહન કોણ

ચલાવતુ હતું તે અંગે પણ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, સદર ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી માત્ર અકસ્માત થયેલ તેમજ અકસ્માતમાં તેમના પિતા સુરેશભાઈને ઈજા થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે, પરંતુ અકસ્માત આરોપીની બેદરકારીને કારણે થયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે આરોપીને ઓળખતા હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આંક–૧૨ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામા, આંક–૧૩ થી રજુ આરોપીના શરીર સ્થિતિના પંચનામા તેમજ આંક–૧૪ થી રજુ મેડીકલ સર્ટીફીકેટ અંગે કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી સદર ફરીયાદીની જુબાની ઉપર વિશ્વાસ રાખી તેના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૧૦) આમ ફરીયાદ પક્ષે મુખ્યત્વે, મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, બનાવ સમયે આરોપી ડ્રાઈવર બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાના હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતા હતા. ફોજદારી કેસમાં બેદરકારી ભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામદાર ઓરીસ્સા વડી અદાલતે ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાના નંબર ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' નાં કેસના ચુકાદામાં ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving, in offence under sec.279 of IPC the ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause

injury, must be established. Mere carelessness of error of judgement, not sufficient. Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused. Bare statement that vehicle was being driven in high speed, not sufficient and Accused entitled for acquittal.

(B) વધુમાં એમ ઠરાવેલ છે કે,"Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :-

– Rash and negligent driving or riding on a public way.

– The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

(૧૧) ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ તમામ પુરાવો વંચાણે લેતાં જેમાં ફરીયાદ પક્ષે આંક–૦૯ થી ફરીયાદી સેજલબેન વિજયભાઈ બાહલીવાલાની જુબાની, આંક–૧૦ થી ફરીયાદની નકલ, આંક–૧૨ થી ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ, આંક–૧૩ થી આરોપીના શરીર સ્થિતિના પંચનામાની નકલ તથા આંક–૧૪ થી સુરેશભાઈના મેડીકલ સર્ટીફીકેટની નકલ રજુ કરવામાં આવેલ છે. જે તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં અકસ્માત થયેલ હોવાની તેમજ અકસ્માતમાં સુરેશભાઈને ઈજા થયેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે જેથી તે સબંધે કોઈ તકરાર નથી, પરંતુ માત્ર બનાવ બન્યો છે તે આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. બનાવ સમયે આરોપી જ પોતાના કબજાવાળું વાહન

પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવું ફરીયાદ પક્ષે રજુ કરેલ ઉપરોકત તમામ પુરાવાને ધ્યાને લેતાં રેકર્ડ ઉપર ફલિત થતું ન હોવાથી આરોપી ધ્વારા પોતાના કબજાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવું માની શકાય તેમ નથી અને તે હકીકત શંકાસ્પદ જણાઈ આવે છે. આમ, હાલના કામના આરોપીની બેદરકારીના કારણે હાલનો અકસ્માત બનેલ હોવા અંગે ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉભી થાય છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયારે ફરીયાદ પક્ષના કેસ ઉપર વાજબી શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તે શંકાનો લાભ હંમેશા આરોપીને મળવાપાત્ર છે. જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબના તમામ પુરાવાની હકીકત ધ્યાને લેતા હાલના કેસમાં આરોપીની બેદરકારી રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર છે તેમ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ થાય છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી મુકેશભાઇ દેવજીભાઇ ભોયા, હાલ રહે. ભીમપોર ચાર રસ્તા પાસે, ઉમેશભાઇની ચાલ, નાની દમણ, તાબે દમણ. મુળ રહે. કોલવેરા ગામ, પટેલ ફળીયા, તા.કપરાડા, જી.વલસાડનાઓને સી.આર.પી.સી.ક.ર૪૮ (૧ )અન્વયે ઈ.પી.કો.ક.ર૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ.ક.૧૭૭,૧૮૪ તથા ૧૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) સદર કામે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ ન હોય તે અંગે કોઈ હુકમ નથી.

(૩) આ કામના આરોપીએ રૂા. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) ના ૭ મહિનાના સમયગાળા સુધીના સધ્ધર જામીન તથા જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ :૨૩, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૩/૦૬/૨૦૨૬
પારડી,જી.વલસાડ

(કુ.ધ્રુવી ધનવંતકુમાર પડિઆ)
પ્રિન્સી.જયુડી. મેજી. ફ.ક.પારડી,
જી.વલસાડ
(જજ કોડ નંબર જીજે ૦૧૬૬૭)